પ્રસ્તાવના

નમસ્કાર વિદ્યાર્થી મિત્રો,

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા આયોજિત પરીક્ષાઓ રાજ્યની શ્રેષ્ઠ સેવાઓમાં જોડાવા માટેનું એક પ્રવેશદ્વાર છે. જ્યારે આપણે વિવિધ **મહાનગર પાલિકા** અંતર્ગત **'વહીવટી અધિકારી, વર્ગ-૨'** જેવી પ્રતિષ્ઠિત જગ્યાની વાત કરીએ છીએ, ત્યારે વહીવટી કુશળતા સાથે વ્યવહારુ જ્ઞાન હોવું અત્યંત આવશ્યક બની જાય છે.

આ પરીક્ષાના અભ્યાસક્રમમાં ભાગ-૨ (સંબંધિત વિષય) નું ભારણ ૨૦૦ ગુણનું છે, જે તમારી સફળતામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. બજારમાં ઉપલબ્ધ સાહિત્યમાં ઘણીવાર વહીવટી અને મેનેજમેન્ટના વિષયો શુષ્ક અને અઘરા લાગતા હોય છે. આ સમસ્યાના ઉકેલ રૂપે, અમે આ પુસ્તકને અત્યંત **સરળ, સ્પષ્ટ અને પરીક્ષાલક્ષી** અભિગમ સાથે તૈયાર કર્યું છે.

આ પુસ્તકની મુખ્ય વિશેષતાઓ:

- **સંપૂર્ણ અભ્યાસક્રમનું સંકલન:** વહીવટી કૌશલ્ય, માનવ સંસાધન વ્યવસ્થાપન (HRM), નાણાકીય વ્યવસ્થાપન અને એથિકલ ગવર્નન્સ જેવા જટિલ વિષયોનો ૧૦૦% સિલેબસ કવરેજ.
- **સરળ ભાષાશૈલી:** અઘરા મેનેજમેન્ટ કન્સેપ્ટ્સને રોજિંદા જીવનના ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યા છે જેથી કોઈપણ શાખાના વિદ્યાર્થી તેને આસાનીથી સમજી શકે.
- **MCQs અને તાર્કિક સમજૂતી:** દરેક પ્રકરણના અંતે ટોપિક-વાઇઝ MCQs અને ઉત્તરોની તાર્કિક સમજૂતી આપવામાં આવી છે, જે રિવિઝન માટે આશીર્વાદરૂપ સાબિત થશે.
- **ઇન્ટરવ્યુ પર્સ્પેક્ટિવ:** માત્ર પ્રિલિમિનરી પરીક્ષા જ નહીં, પરંતુ વહીવટી દ્રષ્ટિકોણ વિકસાવીને ઇન્ટરવ્યુમાં પણ મદદરૂપ થાય તેવું કન્ટેન્ટ પીરસવામાં આવ્યું છે.

આ પુસ્તક માત્ર એક માહિતીનો સંગ્રહ નથી, પરંતુ તમારી તૈયારીનો એક સચોટ સાથી છે. વહીવટમાં નિર્ણય લેવાની ક્ષમતા થી લઈને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સુધીના તમામ પાસાઓ આમાં આવરી લેવાયા છે.

અમને વિશ્વાસ છે કે અમારી ટીમ દ્વારા કરવામાં આવેલો આ વિગતવાર વિશ્લેષણયુક્ત પ્રયાસ તમારી વહીવટી અધિકારી બનવાની સફરને સરળ અને સફળ બનાવશે.

તમારી ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ!

LAKSHYAM ACADEMY
સંકલ્પ થી સફળતા સુધી

સંપાદક

- **ધવલ મારૂ** - **પિનાકીન મારૂ**

Design & edited by

પ્રણવ અમરેલીયા, રવિ જામંગ

Telegram | Lakshyam Academy | Online Store | Application | Inspire Gujarat

LAKSHYAM ACADEMY – RAJKOT

Mob: +91 94290 77607, 93288 46308

સંપાદક

ધવલ મારૂ, પિનાકીન મારૂ

Designing & editing by

પ્રણવ અમરેલીયા, રવિ જામંગ

કિંમત :- ₹ 999/-

આ પુસ્તકના લખાણનો કોઈપણ ભાગ, લેખનશૈલી, રજૂઆત શૈલી, મુદ્દાઓ અને તેની ગોઠવણી વગેરેનો ઈલેક્ટ્રોનિક, યાંત્રિક, ઝેરોક્ષ, પેમ્પલેટ, ટેસ્ટ પેપર, મુદ્રણ કે અન્ય કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ પ્રકાશકની લેખિત પરવાનગી વિના કરવો નહીં. આવુ કૃત્ય ગેરકાયદેસર ગણાશે અને તેમ કરનારની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

ઉપલબ્ધ માહિતીના આધારે આ પુસ્તકને ક્ષતિરહિત બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં સંપાદન અને મુદ્રણ સમયે માનવસહજ ભૂલ કે ચૂકને કારણે કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની કોઈપણ જવાબદારી લેખક કે પ્રકાશકની રહેશે નહીં. આ પુસ્તકનો ઉપયોગ કરવાને કારણે તેમાં થયેલી ભૂલચૂકને કારણે કોઈપણ વ્યક્તિને કદાચ કોઈપણ રીતે નુકસાન કે ક્ષતિ થાય તો તેનું ઉત્તરદાયિત્વ લેખક કે પ્રકાશનનું રહેશે નહીં. આ પુસ્તકનો કોઈપણ જીવિત અથવા મૃત વ્યક્તિ કે વાસ્તવિક ઘટનાઓ સાથે કોઈ સમાનતા કે સંબંધ એ સંયોગ માત્ર છે, તથા તેનો હેતુ કોઈપણ વ્યક્તિ, સમુદાય, સંપ્રદાય, ધર્મ કે ધાર્મિક લાગણીને દુભાવવાનો નથી.

નોંધ: કોઈપણ વિવાદ રાજકોટ ન્યાયક્ષેત્રને આધીન રહેશે.

© All rights reserved by the publishers.

No part of this work covered by the copyright herein may be reproduced, transmitted, stored or used in any form or by any means graphic, electronic or mechanical, including but not limited to photocopying, recording, scanning, digitizing, taping, Web distribution, information networks, or information storage and retrieval systems, without the prior written permission of the publisher.

Although the author and publisher have made every effort to ensure that the information in this book was correct at the time of editing and printing. the author and publisher do not assume and hereby disclaim any liability to any party for any loss or damage arising out of the use of this book caused by errors or omissions, whether such errors or omissions result from negligence, accident or any other cause. Any resemblance to actual persons, living or dead or actual events is purely coincidental and do not intend to hurt sentiments of any individual, community. sect or religion.

Note: Any Dispute will be subject to Rajkot jurisdiction.

INDEX

I વહિવટી કૌશલ્ય

01	લોકપ્રશાસનનો અર્થ, પ્રકૃતિ તથા કાર્યક્ષેત્ર	02 - 20
02	વહીવટમાં નિર્ણય લેવાની ક્ષમતા	21 - 34
03	નવું જાહેર વ્યવસ્થાપન	35 - 58
04	ઈ-ગવર્નન્સ અને ડિજિટલ વહીવટ	59 - 90
05	વહીવટમાં સંવાદ કૌશલ્ય	91 - 112
06	કાર્યસ્થળ નીતિશાસ્ત્ર અને કર્મચારીઓનું આચરણ	113 - 135
07	સમય અને કાર્ય વ્યવસ્થાપન	136 - 165

II માનવ સંશાધન વ્યવસ્થાપન

01	સંચાલનના મૂળભૂત સિદ્ધાંતો	167 - 174
02	સંચાલન અને માનવ સંસાધન વ્યવસ્થાપનનો સમન્વય	175 - 195
03	સંસ્થાકીય વર્તન	196 - 223
04	અસરકારક યોજના સંચાલન	224 - 254
05	માનવ સંસાધન વ્યવસ્થાપન	255 - 292
06	વ્યૂરચના વ્યવસ્થાપન : SWOT	293 - 308
07	જોખમ વ્યવસ્થાપન	309 - 320

08	ડિજિટલ ટ્રાન્સફોર્મેશન	321 - 337
09	સંચાલનમાં સુધારાઓ	338 - 361
10	સંચાલનમાં નવનીતા	362 - 389
11	એથિકલ ગવર્નન્સ	390 - 413
12	ભાવનાત્મક બુદ્ધિમત્તા	414 - 429
13	કાર્યસ્થળે થતી હેરાનગતિ અને નિવારણ	430 - 447

III વહીવટમાં નાણાકીય વ્યવસ્થાપન

01	બજેટ ઘડતર, આવક	449 - 461
02	ખર્ચ નિયંત્રણ અને ઓડિટ	462 - 471
03	નાણાકીય નીતિ અને નિર્ણય લેવા	472 - 484
04	સંસાધન ફાળવણી	485 - 494

LAKSHYAM ACADEMY કલ્પ થી સફળતા સુધી

VI વિષય સંબંધિત સાંપ્રત પ્રવાહો અને સામાન્યજ્ઞાન

01	સંસાધન ફાળવણી	496 - 510

વહીવટી કૌશલ્ય

A C A D E M Y
સંકલ્પ થી સફળતા સુધી

1. લોકપ્રશાસનનો અર્થ, પ્રકૃતિ તથા કાર્યક્ષેત્ર

- Public Administration is the, heart of modern civilization.
- લોક પ્રશાસનને આધુનિક સભ્યતાનું હૃદય (હાર્ટ) કહેવામાં કંઈ ખોટું નથી.
- લોક પ્રશાસનના લોક શબ્દનો અર્થ સરકારના પરિપ્રેક્ષ્યમાં લેવાય છે.

❒ Government (સરકાર) :-

- સરકાર દરેક જગ્યાએ છે. ઘરમાં નાની વસ્તુઓથી લઇને વ્યક્તિ મરે નહિ ત્યાં સુધી તે સરકાર જોડે જોડાયેલો હોય છે. સરકાર ઘરથી લઇને કબર સુધી છે. પટ્ટાવાળાથી લઇને વડાપ્રધાન સુધી દરેક વ્યક્તિને સરકાર જોડે કામ હોય છે.
- "એવી સંસ્થા જે સમાજમાં વ્યવસ્થા (Law & order) બનાવી રાખે અને સમાજનો વિકાસ કરી શકે તથા સમાજની પ્રગતિ માટે પ્રયાસ કરે. તેને સરકાર કહે છે."
- તે ભલેને રાજાશાહી, પ્રજાશાહી, લોકશાહી, સંસદીયશાહી, સરમુખત્યારશાહી હોય તેને સરકાર તો કહેવાય જ. જગતમાં એવું કોઈ રાષ્ટ્ર ન હોય કે જ્યાં સરકારનું અસ્તિત્વ ના હોય.
- સરકારનું મહત્વ ઘણી બાબતોમાં છે. જો સરકાર ના હોય તો સમાજમાં અશાંતિ ફેલાય જાય છે અથવા સરકાર ના હોય તો નાની સોયથી લઇને મોટા મશીન સુધીનો વ્યવસાય થઈ શકે પણ તેના ફાયદા ગરીબો તથા પછાત લોકો સુધી પહોંચી ના શકે.
- આખું તંત્ર "મત્સ્યન્યાય"ના સિદ્ધાંત પર ચાલે જો સરકાર ના હોય મતલબ કે નાની માછલીને મોટી મોછલી બાઈ જાય છે.

❒ લોકપ્રશાસન :તેને સરકારનો વહીવટ કહે છે.

- સરકારનો વહીવટ of લોક પ્રશાસન ત્રણ ભાગમાં વહેંચાયેલાં છે.

1. **વિધાયિકા (Legislature) ધારાગૃહ (ધારાસભા) (Parliament) (Assembly) (Council) (વિધાનસભા) (સસંદ)**
   - કાનુનનું નિર્માણ કરે છે.
2. **કાર્યપાલિકા (Executive) (કરોબારીગૃહ) (Ministers) (Bureaucrats) (Officers) (Secretaries) (મંત્રીગણ)**
   - કાનૂનને લાગુ પાડવાનું કામ કરે છે.
3. **ન્યાયપાલિકા (Judiciary) (ન્યાયતંત્ર)**
   - સરકાર જ્યારે પોતાના કાર્યમાં સક્ષમ પુરવાર થાય ત્યારે ન્યાયતંત્ર પ્રકાશમાં આવે છે.
   - એટલે કે Driving Seat પર આવે છે તથા માનવાધિકારના રક્ષકની ભૂમિકા નિભાવે છે.
   - કાનૂનના ભંગ કરનારને સજા આપે છે.
   - કાનૂનના પાલન કરાવવાનું કાર્ય કરે છે.
   - આમ લોક પ્રશાસન શબ્દના અર્થ માટે લોક + પ્રશાસન બે વસ્તુને અલગ પાડી દઈએ તો વધુ સારી રીતે શીખવા મળશે.
   - લોકપ્રશાસન વિષયનો સંબંધ સરકારના કાર્યવિભાગ સાથે છે. તથા રાજ્યના વહીવટની સફળતા અને નિષ્ફળતા લોકપ્રશાસન પર આધારિત છે.
   - આધુનિક યુગમાં લોકપ્રશાસનના અભ્યાસનું પ્રમુખ કારણ એ છે કે તેની વિષયવસ્તુ સકારાત્મક છે અને તેની પ્રકૃતિ સર્જનાત્મક છે. સમાજમાં શાંતિ અને સુવ્યવસ્થા બનાવી રાખવા માટે આ ઉપરાંત માનવજીવનની અસંખ્ય જરૂરિયાતો જેવી કે શિક્ષા, વ્યવસ્થા, મનોરંજન, સ્વચ્છતા, સામાજિક સુધારા વગેરે બાબતોમાં પણ લોકપ્રશાસન ઉપયોગી છે.

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

- વ્યાપક અર્થમાં એટલું જ કહી શકાય કે લોકપ્રશાસનનો મુખ્ય ઉપદેશ માનવકલ્યાણનો પણ છે, કારણ કે અલ્પવિકસિત દેશોને નિર્ધનતા, નિરક્ષરતા, ગંદકી અને World bank અને I.B.R.D. વગેરે પાસેથી જે આટલી બધી Loan (ઋણ) લઈએ છે તે બાબતથી છોડાવીને સુખ અને સમૃદ્ધિના સામાવ્ય સ્તર સુધી લાવવા માટે લોકપ્રશાસન એ મુખ્ય બાબત છે.
- સત્તાના વિભાજન માટે ઉપરના ત્રણેયને અલગ-અલગ રાખવામાં આવે છે. તથા તેમને એકબીજા સાથે એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે તેના કારણે દેશનું નિયંત્રણ અને સર્તુલન જળવાઈ રહે.
- અહીં ધારાગૃહમાંથી ધારાનો અર્થ જ કાનૂન થાય છે તથા ધારાગૃહ એટલે જે સભા કાનૂન બનાવવાનું કાર્ય કરે છે. તથા કાર્યપાલિકા તેના પર અમલ કરે છે તથા ન્યાયપાલિકા કાનૂન બંધારણ મુજબ બરાબર બન્યો છે કે નહિ અને કોઈ કાનૂનનું ઉલ્લંઘન નથી કરતું તેનું ધ્યાન રાખે છે.
- એટલે કે ધારાગૃહ નીતિ બનાવે છે. (ધારો ઘડે છે) તેઓ (સિંહાવલોકન)ના સિદ્ધાંતો પર કાર્ય કરે છે. જેમ સિંહ કેમ બેઠો બેઠો શાંતિથી બધુ જોયા કરે છે તથા ત્યારબાદ પોતાનું કાર્ય કરે છે. તે રીતે ધારાગૃહ સમાજને ખૂબ જ ઊંડાણથી જોવે છે તથા તેમની ત્રુટિઓ દૂર થાય તે માટેની નીતિ બનાવે છે. તેઓ law making & policy making કરે છે. તથા તેમની પાસે જ કાનૂન બનાવવાની સત્તા છે. જ્યારે કાર્યપાલિકા અને ન્યાયપાલિકાનું કામ તેના પર અમલ કરવાનું છે.

❒ Administration: -

- હવે આપણે લોકપ્રશાસનના અર્થને સમજતા પહેલાં "પ્રશાસન" શબ્દનો અર્થ સમજીએ. અંગ્રેજી શબ્દ "Ad + minister" (પ્રશાસન કરવું) બે લેટિન શબ્દ Ad + minister ના મેળાપથી બને છે. જેનો અર્થ સેવા કરવું અથવા પ્રબંધન કરવું અથવા વ્યવસ્થાપન કરવું એમ થાય છે.
- આમ પ્રશાસનનો અર્થ (શાબ્દિક) સાર્વજનિક મામલાનું પ્રબંધન કરવું થાય છે એટલે કે લોકોની દેખરેખ રાખવી તથા તેમની વ્યવસ્થા રાખવી.
- અહીં પ્રબંધન શબ્દનો અર્થ Manage કરવું થાય છે. (વ્યવસ્થા) તથા પ્રબંધક એટલે Manager તેવું થાય છે. (વ્યવસ્થાપક).
- તે જ રીતે “સેવા કરનાર સેવક" થાય તેથી IAS = લોકસેવક છે.

❒ Administration Defined (પ્રશાસનની પરિભાષાઓ): -

- "પ્રશાસન લાંબો અને થોડો આંડબરપૂર્ણ (ઠાઠમાઠવાળો) શબ્દ છે પણ તેનો સીધો સાદો અર્થ છે કે મામલાનું પ્રબંધન (સંચાલન) કરવું તેવો થાય છે, લોકોની દેખરેખ રાખવી અથવા લોકોનું ધ્યાન રાખવું. તે નિર્ધારિત ઉદ્દેશને પૂરો કરવા માટે કરવામાં આવતું સુનિશ્ચિત કાર્ય છે."

ઈ.એન.ગ્લેડન

- "કોઈ લક્ષ્યની પ્રાપ્તિ માટે માણસો તથા માલસામગ્રી ના સંગઠન અને ઉપયોગને "પ્રશાસન" કહે છે."

ફેલિક્સ એ. નિગ્રો

- "વ્યાપક અર્થમાં "પ્રશાસન"ને સમાન લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પારસ્પરિક સહયોગથી કામ કરતા સમૂહોની ગતિવિધિઓના રૂપમાં પરિભાષિત કરવામાં આવે છે.

હરબર્ટ એ સાઈમન

- "પ્રશાસન એક નિર્ધારિત ઉદ્દેશને પૂરો કરવા માટે કરવામા આવતું સુનિશ્ચિત કાર્ય છે / તે એ."

જોન.એ.વીગ

- (૧) ઘટનાઓને ઘટવા માટેની સ્થિતિ પેદા કરવાનું કે જેને આપણે ઘટિત થવા દેવા માંગતા હોય (૨) તથા ઘટનાઓને રોકવાનું કે જે આપણી આકાંક્ષાઓથી વિપરીત છે. આમ પ્રશાસન ઉપર જણાવેલ (1) & (2) લક્ષ્યોને ધ્યાનમાં રાખીને મામલાઓની યોજનાબદ્ધ વ્યવસ્થા અને સંસાધનોનો નિયોજિત ઉપયોગ છે. આમ પ્રશાસન ઊર્જા (Power), સમય (Time) અને ધન (Money) ના ઓછામાં ઓછા (ન્યૂનત્તમ) ઉપયોગથી (વાંછિત) ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે ઉપલબ્ધ માનવજાત (Man) અને સામગ્રી (Material) ની વ્યવસ્થા છે.

ઈ.એમ.ગ્લેડન

- "પ્રશાસન નિશ્ચિત લક્ષ્યોની પ્રાપ્તિ માટે કરવામાં આવતા માનવ અને ભૌતિક સંસાધનોનું પણ થોડું જ અલગ સંગઠન અને નિર્દેશન છે.”

ફિફનર

❒ **“જેરોલ્ડ કેડન” પોતના લોકપ્રિય પુસ્તક "થી ડાયનેમિક્સ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન"માં કહે છે કે આધુનિક અત્યારના સમાજમાં લોકપ્રશાસનની નીચે મુજબની જરૂરી ભૂમિકા છે.**

(a) નીતિનું સંરક્ષણ
(b) સ્થિરતા તથા વ્યવસ્થાને કાયમ રાખવી
(c) સામાજિક તથા આર્થિક પરિવર્તનોને સંસ્થારૂપ આપવું
(d) વિશાળ સ્તરની વાણિજ્ય સેવાઓનું પ્રબંધન
(e) વૃદ્ધિ તથા આર્થિક વિકાસને સુનિશ્ચિત કરવું
(f) સમાજના નિર્બળ લોકોનું સંરક્ષણ કરવું
(g) જનમતનું નિર્માણ કરવું
(h) લોકનીતિઓ તથા રાજનીતિ (વિચારો)ને પ્રભાવિત કરવું

❒ **વધતુ મહત્વ અથવા લોક પ્રશાસનના મહત્વ વધવાના કારણો :-**

➢ પારંપરિક રૂપથી જોઇએ તો લોકપ્રશાસનની સમાજમાં સીમિત ભૂમિકા છે. પણ હાલના યુગમાં તેની ભૂમિકા કૂદકેને ભૂસકે વધી રહી છે. તેના મહત્વના કારણો નીચે મુજબ છે.

1. **વસ્તીવધારો (વસ્તી વિસ્ફોટ) (Population Explosion)** :વસ્તી વધારાને કારણે સામાજિક તથા આર્થિક સમસ્યાઓ વધી જાય છે જેમ કે ઝૂંપડપટ્ટી, વૃદ્ધિ, ભોજનનો અભાવ તથા પરિવહન વ્યવસ્થાનો અભાવ. આ ઉપરાંત કાનૂનનો ભંગ થવો, ગુન્હા પ્રવૃત્તિમાં વૃદ્ધિ તથા ભ્રષ્ટાચાર થવાની સંભાવના વધી જાય ચે. આ બધાના ઉકેલ માટે લોકપ્રશાસન ખૂબ જ જરૂરી છે.
2. **વૈજ્ઞાનિક અને ટેકનિકલ વિકાસ (Scientific & Technical Dev.) :**વસ્તી વધવાથી વૈજ્ઞાનિક તથા ટેકનિકલ વિકાસ પણ વધવા લાગે છે. તેથી સરકારનું કામ મહત્ત્વનું બને છે. તેના લીધે મોટી સરકાર (Big Government) ની સંકલ્પના જરૂરી બને છે.
3. **ઔધોગિક ક્રાંતિ (Industrial Revolution) :**ઉત્પાદન વધવા લાગ્યું લોકો ગામથી શહેર તમ આવવા લાગ્યા. આના લીધે બે ભાગ થયા સમાજના જેમ કે ગરીબ વધુ ગરીબ થતો ગયો તથા અમીર ફ અમીર થતો ગયો તેથી સમાજના બે વર્ગો વચ્ચેની આ ખીણ (ખાઇ) ઘટાડવા તથા શહેરીકરણની સમસ્યાઓ, પહોંચી વળવા માટે સરકારની મદદની જરૂરિયાત ખૂબ વધી ગઇ.
4. **પુલિસ રાજ્ય (Police state) :(કલ્યાણકારી રાજ્ય) (Welfare State) :**અંગ્રેજ જમાનામાં પોલીસ સ્ટેટ હતુ મતલબ કે મુક્ત વેપાર વાણિજ્યમાં હેતુ પર આધારિત નકારાત્મક રાજ્ય, પણ હાલમાં જે રાજ્ય છે તેને વેલ્ફેરસ્ટેટ એટલે કે કલ્યાણકારી રાજ્ય છે. મતલબ કે આ કલ્યાણકારી રાજજ સકારાત્મક રાજ્ય છે. તેનો ઉદ્દેશ્ય લોકોનો વિકાસ કરવો, તથા લોકોની મદદ માટેનો હોય છે. મતલબી કે ક જનતાના કલ્યાણને પ્રતિબદ્ધ છે તેને 'કલ્યાણ રાજ્ય' કહેવાય.
રોસ્કે પાઉન્ડ કલ્યાણકારી રાજ્યને “સેવા રાજ્ય" કહ્યું છે.
5. **કુદરતી આપત્તિઓ (Calamities):**કુદરતી આપત્તિઓ જેવી કે પૂર, ભૂકંપ, દુકાળ વગેરેના વધવાન લીધે લોકપ્રશાસનની જરૂરિયાત ખૂબ જ વધી ગઇ. કારણ કે જ્યારે કુદરતી આપત્તિ જેવી પરિસ્થિતિ આવે છે. ત્યારે બિનસરકારી સંસ્થાઓ પાસે તેટલી મૂડી હોતી નથી કે સાધનસંપત્તિ પણ હોતી નથી કે આટલી મોટે પરિસ્થિતિને પહોંચી વળાય. સરકાર પાસે જ એ ઢાંચો છે કે સાધનો છે કે મૂડી છે કે જેનાથી આવી વિષમ પરિસ્થિતિમાં લોકોની મદદ કરી શકાય.
6. **યુદ્ધો (Wars) :**વર્ગ યુદ્ધો, (વર્ગ વિદ્રોહ), સાંપ્રદાયિક યુદ્ધ, (કોમી, દંગા, હુલ્લડો) જાતીય યુદ્ધો જેવી સામાજિક અવ્યવસ્થામાં આવેલી વૃદ્ધિ તથા હિંસામાં આવેલી વૃદ્ધિને પહોંચી વળવા માટે લોકપ્રશાસન જરૂરી છે.
7. આ ઉપરાંત માણસો તથા સાધનોને જોડીને એક સાંકળ બનાવીને જનકલ્યાણની પ્રવૃત્તિ કરવી તથા વ્યવસ્થિત આર્થિક નિયોજન વગેરે માટે પણ લોકપ્રશાસન જરૂરી છે.

★ **આમ, આધુનિક કલ્યાણકારી રાજ્યના કાર્યોની સંખ્યામાં તથા કાર્યોની વિવિધતા તથા જટિલતામાં થઇ રહેલી વૃદ્ધિથી પ્રશાસન પર અસર થાય છે. આમ પ્રશાસનના પરની આકાંક્ષાઓ તથા તેના પ્રદર્શનમાં પણ અસંતુલન જોવા મળે છે. આમ આજના જમાનામાં પ્રશાસનિક વિકાસ મતલબ કે સંરચનાગત, પ્રક્રિયાગત તથા વ્યવહારંગત બદલાવોની મદદથી પ્રશાસની ક્ષમતા તથા યોગ્યતાને સુદૃઢ કરવાની જરૂરત છે.**

LAKSHYAM ACADEMY
ધંધાદારી ઉદ્યોગપતિ બનતા સુધી

❒ **જાહેર વહીવટ અને ખાનગી વહીવટ વચ્ચેનો તફાવત હર્બટ સાયમન + પોલ એપલબી + સમર જોશીયા સ્ટેમ્પ:**

જાહેર વહીવટ	ખાનગી વહીવટ
1. મૂળભૂત ધ્યેયની દ્રષ્ટિએ (હેતુ) :લોકોની સેવા અથવા કલ્યાણ નફાનો હેતુ હોતો નથી.	નફાનો હેતુ મુખ્ય હોય છે.
2. સંગઠનની દૃષ્ટિએ :જા.વ. : સંગઠન નિયમની ચુસ્તતા તથા અમલદારશાહીના સિદ્ધાંતથી પદાનુક્રમમાં ગોઠવાયેલું હોય છે.	**ખા.વ :** સંગઠનમાં નિયમની જડતા નથી તથા વ્યાવસાયિક આધારે ગોઠવાયેલું માળખું છે.
3. જવાબદારીની દ્રષ્ટિએ :જા.વ. : લોકોને જવાબદાર હોય છે નાની બેદરકારી કે ઉચાપત મોટુ સ્વરૂપ ધારણ કરી શકે છે.	**ખા.વ. :** માલિકોને જવાબદાર હોય છે લોકો સાથે પ્રત્યક્ષ સંબંધ નથી.
4. સમાનતાના વ્યવહારની દ્રષ્ટિએ :જા.વ. તમામ લોકો પ્રત્યે કોઇ પણ જાતના ભેદભાવ વિના સમાન સેવા આપવી જરૂરી છે	**ખા.વ.:** ધંધાનું હિત જોઈને લોકો સાથેના વર્તનમાં અસમાનતા દાખવી શકે છે.
5. કાર્ય ક્ષમતાની દૃષ્ટિએ :જા.વ. : ઓછી અને ધીમી	**ખા.વ. :** નિપુણતા અને ઝડપી.
6. કાર્ય સ્વરૂપની દૃષ્ટિએ (વ્યાપ) :જા.વ. : વ્યાપ વિશાળ હોય છે. ગ્રામ્ય કે શહેરી વિસ્તારનો ભેદ જોવા મળતો નથી.	**ખા.વ. :** વ્યાપ મર્યાદિત હોય છે શહેરમાં કેન્દ્રિત હોઈ શકે છે.
7. નાણાકીય અંકુશની દૃષ્ટિએ :જા.વ. : રાજ્ય વહીવટમાં નાણાનો દુર્વ્યય અને ભ્રષ્ટાચાર માટે ધારાસભા તથા લોકો ઉત્તરાદાયી બનાવી શકે છે.	**ખા.વ. :** નાણાકીય નિયંત્રણ વ્યક્તિ ગત કે સંસ્થાગત જ હોય છે.
8. સેવાની દૃષ્ટિએ :જા.વ. : વીજળી, પાણી સડક ફાયરબ્રિગેડ, પોલીસ, રેલ્વે જેવી સેવાઓ સરકાર જ આપી શકે છે.	**ખા.વ. :** સેવાઓની અનિવાર્યતા ઓછી હોય છે.
9. ઈજારાની દૃષ્ટિએ :જા.વ. : રાજ્ય વહીવટ ઈજારો ભોગવે છે. Ex. Indian Railway.	**ખા.વ.** હરિફાઈનો સામનો કરવો પડે છે.

LAKSHYAM
ACADEMY
સંકલ્પ થી સફળતા સુધી

MCQ's

1. લોકપ્રશાસનને આધુનિક સભ્યતાનું હૃદય (હાર્ટ) કોના દ્વારા કહેવામાં આવ્યું છે?
(A) વુડ્રો વિલ્સન
(B) એલ.ડી. વ્હાઈટ
(C) હરબર્ટ એ. સાઈમન
(D) ઉપરોક્ત તમામ
જવાબ: (A) વુડ્રો વિલ્સન
સમજૂતી: કન્ટેન્ટની શરૂઆતમાં જ ઉલ્લેખ છે કે "Public Administration is the heart of modern civilization" અને આ વિચાર વુડ્રો વિલ્સન સાથે સંકળાયેલો છે.

2. 'મત્સ્યન્યાય' નો સિદ્ધાંત શું દર્શાવે છે?
(A) સરકારની સર્વોપરિતા
(B) સરકારના અભાવે સમાજમાં વ્યાપતી અરાજકતા
(C) ન્યાયતંત્રની સ્વતંત્રતા
(D) આંતરરાષ્ટ્રીય સંબંધો
જવાબ: (B) સરકારના અભાવે સમાજમાં વ્યાપતી અરાજકતા
સમજૂતી: કન્ટેન્ટ અનુસાર, સરકાર ન હોય તો સમાજ "મત્સ્યન્યાય" પર ચાલે, એટલે કે નાની માછલીને મોટી માછલી ખાઈ જાય, એટલે કે અરાજકતા ફેલાય.

3. સરકારના ત્રણ અંગો કયા છે?
(A) રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, પ્રધાનમંડળ
(B) વિધાયિકા, કાર્યપાલિકા, ન્યાયપાલિકા
(C) ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત
(D) લોકસભા, રાજ્યસભા, વિધાનસભા
જવાબ: (B) વિધાયિકા, કાર્યપાલિકા, ન્યાયપાલિકા
સમજૂતી: કન્ટેન્ટમાં સ્પષ્ટ રીતે સરકારના ત્રણ ભાગો વિધાયિકા (કાયદા બનાવે), કાર્યપાલિકા (કાયદા અમલીકરણ) અને ન્યાયપાલિકા (ન્યાય આપે) ગણાવ્યા છે.

4. 'પ્રશાસન' શબ્દ કઈ બે લેટિન ભાષાના શબ્દોના મેળાપથી બનેલો છે?
(A) Ad + Minister
(B) Ad + Ministorum
(C) Admin + Istratio
(D) Pra + Shasan
જવાબ: (A) Ad + Minister
સમજૂતી: કન્ટેન્ટ મુજબ, અંગ્રેજી શબ્દ Administration, લેટિન ભાષાના બે શબ્દો 'Ad' (સેવા) અને 'Minister' (કરવું) ના મેળાપથી બને છે, જેનો અર્થ સેવા કરવી અથવા પ્રબંધન કરવું થાય છે.

5. "પ્રશાસન એ લાંબો અને થોડો ઠાઠમાઠવાળો શબ્દ છે પણ તેનો સીધો સાદો અર્થ છે કે મામલાનું પ્રબંધન (સંચાલન) કરવું." આ વ્યાખ્યા કોની છે?
(A) ફેલિક્સ એ. નિગ્રો
(B) હરબર્ટ એ. સાઈમન
(C) ઈ.એન. ગ્લેડન
(D) એલ.ડી. વ્હાઈટ
જવાબ: (C) ઈ.એન. ગ્લેડન
સમજૂતી: કન્ટેન્ટમાં પ્રશાસનની પરિભાષાઓ હેઠળ આ વ્યાખ્યા ઈ.એન. ગ્લેડનને આપેલી છે.

6. "પ્રશાસન નિશ્ચિત લક્ષ્યોની પ્રાપ્તિ માટે કરવામાં આવતા માનવ અને ભૌતિક સંસાધનોનું સંગઠન અને નિર્દેશન છે." આ કોની વ્યાખ્યા છે?
(A) લૂથર ગુલિક
(B) ફિફનર
(C) જોન.એ.વીગ
(D) પોલ એચ એપલબી
જવાબ: (B) ફિફનર
સમજૂતી: કન્ટેન્ટમાં આ વ્યાખ્યા ફિફનરને આભારી છે.

7. પ્રશાસનના બે મુખ્ય ઘટકો કયા છે?
(A) નિયમો અને કાયદા
(B) સામુહિક પ્રયાસ અને સમાન લક્ષ્ય
(C) સત્તા અને અધિકાર
(D) નીતિ અને વ્યવસ્થા
જવાબ: (B) સામુહિક પ્રયાસ અને સમાન લક્ષ્ય
સમજૂતી: કન્ટેન્ટ સ્પષ્ટ કરે છે કે વિવિધ વ્યાખ્યાઓ પરથી જાણવા મળે છે કે પ્રશાસનના બે મુખ્ય ઘટક સામુહિક પ્રયાસ અને સમાન લક્ષ્ય છે.

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

8. POSDCORB ના 'P' નો અર્થ શું થાય છે?
(A) Policy
(B) Public
(C) Planning (યોજના)
(D) Procedure
જવાબ: (C) Planning (યોજના)
સમજૂતી: લૂથર ગુલિક દ્વારા આપેલા POSDCORB માં P નો અર્થ Planning (યોજના) થાય છે.

9. 'લોકપ્રશાસન' શબ્દના સંકીર્ણ અર્થ અનુસાર તેમાં સરકારની કઈ શાખાનો સમાવેશ થાય છે?
(A) વિધાયિકા
(B) ન્યાયપાલિકા
(C) કાર્યપાલિકા
(D) ત્રણેય શાખાઓ
જવાબ: (C) કાર્યપાલિકા
સમજૂતી: સંકીર્ણ અર્થ અનુસાર લોકપ્રશાસનમાં ફક્ત સરકારની કાર્યકારી શાખાઓ (Executive) ની ગતિવિધિઓનો સમાવેશ થાય છે, જેને સાઈમન, ગુલિક, વિલોબી જેવા વિચારકો માને છે.

10. 'લોકપ્રશાસન' શબ્દના વ્યાપક અર્થ (Wider Sense) અનુસાર તેમાં સરકારની કઈ શાખાઓનો સમાવેશ થાય છે?
(A) ફક્ત કાર્યપાલિકા
(B) ફક્ત વિધાયિકા અને કાર્યપાલિકા
(C) ફક્ત કાર્યપાલિકા અને ન્યાયપાલિકા
(D) ત્રણેય શાખાઓ (વિધાયિકા, કાર્યપાલિકા, ન્યાયપાલિકા)
જવાબ: (D) ત્રણેય શાખાઓ (વિધાયિકા, કાર્યપાલિકા, ન્યાયપાલિકા)
સમજૂતી: વ્યાપક અર્થ અનુસાર લોકપ્રશાસનમાં સરકારની ત્રણેય શાખાઓની ગતિવિધિઓનો સમાવેશ થાય છે, જેને વુડ્રો વિલ્સન, એલ.ડી. વ્હાઈટ, ડિમોક જેવા વિચારકો માને છે.

11. લોકપ્રશાસનની પ્રકૃતિ અંગેનો 'સમગ્ર દૃષ્ટિકોણ' (Integral View) મુખ્યત્વે શેના પર ભાર મૂકે છે?
(A) ફક્ત ઉચ્ચ સ્તરીય પ્રબંધકીય ગતિવિધિઓ પર
(B) પ્રશાસન સંબંધિત તમામ પ્રકારની ગતિવિધિઓ (ટેકનિકલ, લિપિક વગેરે) પર
(C) ફક્ત નાણાકીય વ્યવસ્થાપન પર
(D) ફક્ત નીતિ નિર્માણ પર
જવાબ: (B) પ્રશાસન સંબંધિત તમામ પ્રકારની ગતિવિધિઓ (ટેકનિકલ, લિપિક વગેરે) પર
સમજૂતી: સમગ્ર દૃષ્ટિકોણ અનુસાર લોકપ્રશાસન એ તમામ પ્રકારની ગતિવિધિઓ (પ્રબંધકીય, તકનીકી, લિપિક) નો સરવાળો છે, જે ઉપરથી નીચે સુધીના તમામ વ્યક્તિઓ કરે છે.

12. 'પ્રબંધકીય દૃષ્ટિકોણ' (Managerial View) અનુસાર લોકપ્રશાસનમાં કઈ ગતિવિધિઓનો સમાવેશ થાય છે?
(A) ફક્ત તકનીકી ગતિવિધિઓ
(B) ફક્ત લિપિક (Clerical) ગતિવિધિઓ
(C) ફક્ત પ્રબંધકીય ગતિવિધિઓ
(D) ઉપરોક્ત તમામ
જવાબ: (C) ફક્ત પ્રબંધકીય ગતિવિધિઓ
સમજૂતી: પ્રબંધકીય દૃષ્ટિકોણ (POSDCORB દૃષ્ટિકોણ) માત્ર પ્રબંધકીય ગતિવિધિઓ પર ભાર મૂકે છે અને તકનીકી તથા લિપિક કાર્યોને બાકાત રાખે છે.

13. લોકપ્રશાસનના અભ્યાસનો સૌથી જૂનો અને વ્યાપક અભિગમ કયો છે?
(A) કાનૂની અભિગમ
(B) ઐતિહાસિક અભિગમ
(C) દાર્શનિક અભિગમ
(D) કેસ પદ્ધતિ અભિગમ
જવાબ: (C) દાર્શનિક અભિગમ
સમજૂતી: કન્ટેન્ટ અનુસાર દાર્શનિક ઉપાગમ સૌથી વ્યાપક અને સૌથી જૂનો દૃષ્ટિકોણ છે, જે "શું થવું જોઈએ" તેના પર કેન્દ્રિત છે.

14. પ્લેટોનું "રિપબ્લિક" અને કૌટિલ્યનું "અર્થશાસ્ત્ર" લોકપ્રશાસનના કયા અભિગમના ઉદાહરણ છે?
(A) કાનૂની અભિગમ
(B) ઐતિહાસિક અભિગમ
(C) કેસ પદ્ધતિ અભિગમ
(D) દાર્શનિક અભિગમ
જવાબ: (D) દાર્શનિક અભિગમ
સમજૂતી: દાર્શનિક અભિગમ હેઠળ પ્લેટોનું "રિપબ્લિક", મહાભારતનું "શાંતિપર્વ" વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

LAKSHYAM ACADEMY

15. ફ્રેંક જે. ગુડનોવ લોકપ્રશાસનના કયા અભિગમના પ્રમુખ સમર્થક હતા?

(A) દાર્શનિક અભિગમ

(B) ઐતિહાસિક અભિગમ

(C) કાનૂની અભિગમ

(D) કેસ પદ્ધતિ અભિગમ

જવાબ: (C) કાનૂની અભિગમ

સમજૂતી: કાનૂની અભિગમ (Legal Approach) ને ન્યાયિક દૃષ્ટિકોણ પણ કહે છે અને અમેરિકાના ફ્રેંક જે. ગુડનોવ તેના પ્રમુખ સમર્થક હતા.

16. એલ.ડી. વ્હાઈટે અમેરિકી સંઘીય પ્રશાસન પર લખેલા પુસ્તકો કયા અભિગમ હેઠળ આવે છે?

(A) કાનૂની અભિગમ

(B) ઐતિહાસિક અભિગમ

(C) દાર્શનિક અભિગમ

(D) POSDCORB અભિગમ

જવાબ: (B) ઐતિહાસિક અભિગમ

સમજૂતી: કન્ટેન્ટ અનુસાર, એલ. ડી. વ્હાઈટે અમેરિકી સંઘીય પ્રશાસન પર ઐતિહાસિક અધ્યયનો (ધ ફેડરાલિસ્ટસ, ધ જૈફર્સનિયંસ વગેરે) દ્વારા વર્ણન કર્યું છે.

17. લોકપ્રશાસનના અધ્યયન માટે 'કેસ પદ્ધતિ અભિગમ' અમેરિકામાં ક્યા દશકામાં લોકપ્રિય થયો?

(A) 1920 ના દશકમાં

(B) 1930 ના દશકમાં

(C) 1950 ના દશકમાં

(D) 1970 ના દશકમાં

જવાબ: (B) 1930 ના દશકમાં

સમજૂતી: કન્ટેન્ટ અનુસાર, 1930 ના દશકમાં અમેરિકામાં કેસ પદ્ધતિ અભિગમ લોકપ્રિય થયો હતો.

18. "પ્રશાસન એક Moral Act (નૈતિક કાર્ય) છે." આ વિચાર કોનો છે?

(A) હેન્રી ફેયોલ

(B) ઓડવે ટીડ

(C) પોલ પિગોર્સ

(D) સી મેરિયમ

જવાબ: (B) ઓડવે ટીડ

સમજૂતી: કન્ટેન્ટ અનુસાર, ઓડવે ટીડે જણાવ્યું કે પ્રશાસન એક Moral Act (નૈતિક કાર્ય) છે.

19. વિકસિત રાષ્ટ્રોમાં લોકપ્રશાસનનો અવકાશ (સ્કોપ) કેવો હોય છે?

(A) ખૂબ વ્યાપક (Wider)

(B) મર્યાદિત (Narrow)

(C) અસ્તિત્વમાં જ નથી

(D) ખાનગી ક્ષેત્ર જેટલો જ

જવાબ: (B) મર્યાદિત (Narrow)

સમજૂતી: કન્ટેન્ટ મુજબ, વિકસિત રાષ્ટ્રોમાં સરકાર દરેક જગ્યાએ હોતી નથી અને તે નિયમનકાર (Regulator) તરીકે કામ કરે છે, તેથી ત્યાં લોકપ્રશાસનનો અવકાશ ઓછો (Narrow) જોવા મળે છે.

20. વિકાસશીલ રાષ્ટ્રોમાં લોકપ્રશાસનનો અવકાશ (સ્કોપ) કેવો હોય છે?

(A) મર્યાદિત (Narrow)

(B) સાંકડો

(C) વ્યાપક (Wider)

(D) શૂન્ય

જવાબ: (C) વ્યાપક (Wider)

સમજૂતી: કન્ટેન્ટ મુજબ, વિકાસશીલ રાષ્ટ્રોમાં નાનામાં નાની વસ્તુમાં સરકાર જરૂરી હોય છે, તેથી ત્યાં લોકપ્રશાસનનો અવકાશ વધારે (Wider) જોવા મળે છે.

21. રોસ્કે પાઉન્ડે કલ્યાણકારી રાજ્યને બીજા કયા નામથી ઓળખાવ્યું?

(A) પોલીસ રાજ્ય

(B) સેવા રાજ્ય

(C) ઔધોગિક રાજ્ય

(D) કાનૂની રાજ્ય

જવાબ: (B) સેવા રાજ્ય

સમજૂતી: કન્ટેન્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે રોસ્કે પાઉન્ડે કલ્યાણકારી રાજ્યને "સેવા રાજ્ય" કહ્યું છે.

22. નીચે પૈકી કોણે 'લોકપ્રશાસન' ને સરકારની ચોથી શાખા ગણી?

(A) એલ.ડી. વ્હાઈટ

(B) વુડ્રો વિલ્સન

(C) વિલોબી

(D) હરબર્ટ એ. સાઈમન

જવાબ: (C) વિલોબી

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી